૨૩૨૫૪૩૭૭ (નિયામક)
૨૩૨૫૪૪૧૧ (સંયુક્ત નિયામક)
૨૩૨૫૬૩૫૯ (હિસાબી અધિકારી)
૨૩૨૫૪૯૯૪ (ટી.સી.બ્રાંચ)
ફેક્સ નં. (૦૭૯) ૨૩૨૫૯૭૬૦

**હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,**

ગુજરાત રાજ્ય
વિમા અને લેખા ભવન બ્લોક નં.૧૭,ડો.જીવરાજ મહેતા ભવન ,ગાંધીનગર
E mail address:-supt-tc-dat@gujarat.gov.in

હિતિનિ/ટીસી/ફા.નં.૧૨૫/આધાર નંબર/૨૦૧૬/3C02-3C77 તા.29/9/૨૦૧૬

## પરિપત્ર નં. ૫/ /૨૦૧૬

વિષય:- રાજય સરકારનાં અધિકારી/કર્મચારીઓનાં Database સાથે આધાર નંબર Link કરી DBT Mode પર Payment કરવા બાબત.

સંદર્ભ:- નાણાં વિભાગનાં તા.૨૨/૦૮/૧૬નાં પરિપત્ર ક્રમાંક: તજર/૧૦૨૦૧૩/૭૮૫(૧)(૪૯૫૨૦૨)ઝ(પાર્ટ ફાઇલ)

ઉકત વિષય પરત્વે તમામ તિજોરી અધિકારીઓનું ધ્યાન દોરતા જણાવવાનું કે નાણાં વિભાગનાં સંદર્ભ દર્શિત ઠરાવથી રાજય સરકારનાં અધિકારી/કર્મચારીઓનાં Database સાથે આધાર નંબર Link કરી DBT Mode પર Payment કરવા બાબતની સુચનાઓ આપેલ છે.

રાજય સરકારનાં અધિકારી/કર્મચારીઓનાં Database સાથે આધાર નંબર Link કરવા બાબતે તિજોરી કચેરીઓ/પગાર અને હિસાબ કચેરીઓ કક્ષાએથી કરવાની થતી કાર્યવાહીની સુચનાઓ નીચે મુજબ છે. જેની અમલવારી તા. ૩૧/૧૦/૨૦૧૬ સુધીમાં પુરી કરવાની રહેશે.

- સબંધિત ઉપાડ અને વહેંચણી અધિકારીએ તેઓનાં અધિકારી/કર્મચારીઓનાં Unique Identification Authority of India ધ્વારા આપવામાં આવેલ આધાર નંબર મેળવી IFMS system માં ઉપલબ્ધ Database માં આધાર નંબર Link કરી Upload કરવા બાબતની સુચનાઓ જિલ્લા તિજોરી અધિકારીશ્રી/પગાર અને હિસાબ અધિકારીશ્રી કક્ષાએથી તમામ સબંધિત ઉપાડ અને વહેંચણી અધિકારીઓને પરિપત્રિત કરવાની રહેશે.
- સબંધિત ઉપાડ અને વહેંચણી અધિકારીઓ ધ્વારા તેમનાં અધિકારી/કર્મચારીઓ પાસેથી આધાર નંબર મેળવી IFMS Database માં Upload કર્યા બાબતનું પ્રમાણપત્ર જિલ્લા તિજોરી અધિકારીશ્રી/પગાર અને હિસાબ અધિકારીશ્રીએ મેળવવાનું રહેશે.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી/પગાર અને હિસાબ અધિકારીશ્રીએ સબંધિત ઉપાડ અને વહેંચણી અધિકારીઓ પાસેથી મેળવેલ પ્રમાણપત્રો તેઓની પાસે રાખવાનાં રહેશે.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી/પગાર અને હિસાબ અધિકારીશ્રીએ દર માસે કેટલા ઉપાડ અને વહેંચણી અધિકારીઓનાં પ્રમાણપત્રો તેઓને મળ્યા અને કેટલા ઉપાડ અને વહેંચણી અધિકારીઓનાં પ્રમાણપત્રો બાકીમાં છે તેની માહિતી હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરીને મોકલી આપવાની રહેશે.
- સબંધિત ઉપાડ અને વહેંચણી અધિકારીએ તેઓનાં અધિકારી/કર્મચારીઓની બદલી,નિવૃતિ,ફરજમોકૂફી તેમજ અન્ય કોઇ કારણોસર અધિકારી/કર્મચારીઓને સબંધિત ઉપાડ અને વહેંચણી અધિકારીએ ચૂકવણા

કરવાનાં થતાં નહોય તેવા સંજોગોમાં સદર અધિકારી/કર્મચારીઓના : Database માં જરૂરી સુધારા કરવા બાબતની સુચનાઓ જિલ્લા તિજોરી અધિકારીશ્રી/પગાર અને હિસાબ અધિકારીશ્રી કક્ષાએથી આપવાની રહેશે.

સંયુકત નિયામક

પ્રતિ,

જિલ્લા/તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી/પેન્શન ચુકવણા /કચેરી..........................

નકલ રવાના:-

- સંયુક્ત નિયામકશ્રી, ઈડીપી સેલ ,હિ.તિ.નિ.કચેરી,ગાંધીનગર તરફ જાણ અર્થે તથા Database માં આધાર નંબર Feed કરવા માટેની જરૂરી સુચના આપવા સારૂ.
- નાયબ નિયામકશ્રી , એલ.એમ.શાખા, પેન્શન અને પ્રો.ફંડ નિયામકની કચેરી, ગાંધીનગર તરફ જાણ અર્થે
- નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી(પેન્શન) ,હિ.તિ.નિ.કચેરી,ગાંધીનગર તરફ જાણ અર્થે
- IFMS Help Desk
- સિલેક્ટ ફાઈલ